# મોડાસામાં એમ.એસસી. કૉલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળક્યા

મોડાસા,તા.૧૩

ધી. મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વિ.વિ.





શાહ એમ.એસસી. (CA & IT) કૉલેજના ઉપરોક્ત ત્રણેય વિદ્યાર્થીઓ સેમી-૭ની યુનિવર્સિટી પરીક્ષામાં સ્થાન પામી કૉલેજ તથા મંડળનું ગૌરવ વધાર્યુ છે. જે બદલ મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી તથા પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી સાહેબે વિદ્યાર્થીઓ તેમજ કૉલેજ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

# એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ કડીમાં સોફ્ટ-સ્કીલ ડેવલપમેન્ટ પર વર્કશોપ યોજાયો

કડી, તા.૧૩

એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીમાં તાજેતરમાં ગુજરાત સરકારના ટુરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા દશ દિવસીય સોફ્ટસ્કીલ ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમનો વર્કશોપ સંપન્ન થયો. જેમાં કૉલેજની ૫૦ છાત્રાઓએ ભાગ લીધો હતો. પ્રશિક્ષિકા તરીકે સોનલબેને માર્ગદર્શન આપ્યું હતું. ટ્રેનિંગના કો-ઓર્ડિનેટર મોનાલિસાબહેન તથા અભિન પાઠક રહ્યા હતા. આચાર્ય ડૉ. હીનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ વર્કશોપના કૉ-ઓર્ડિનેટર ડૉ. બી.ડી. ઢીલા અને સહાયક તરીકે પ્રા.જી. આઈ મારૂ તથા ડૉ. મનસુખ પટોલિયા રહીને કાર્ય સંપનન કર્યુ હતું. આ વર્કશોપમાં સોફ્ટસ્કીલ ડેવલપમેન્ટ, હોસ્પિટાલીટી, કોમ્પ્યુનિકેશન મેનેજમેન્ટ સ્કીલ, ટુરિઝમ સ્કીલ, મેનર એન્ડ એટિકેટ્સ વગેરે વિષયો પર ઝીણવટ પૂર્વક ટ્રેનર દ્વારા દૈનિક ૬ કલાક માર્ગદર્શન તેમજ ટ્રેનિંગ આપવામાં આવી હતી. તા. ૧૫-૦૨-૨૦૧૭થી આ ટ્રેનિંગની બીજી બેચ પણ શરુ થવા જઈ છે.

# દેશની સર્વપ્રથમ કેશલેસ ટાઉનશીપનું લોકાર્પણ

## ટાઉનશીપમાં શાકભાજી, ધોબી શોપ તેમજ ચાની લારી પણ કેસલેસ : ૧૦ હજારથી વધારે પરિવારો રોલ મોડલ

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજરોજ ભરૂચ જીએનએફસી ટાઉનશીપનું દેશની સૌપ્રથમ કેશલેસ ટાઉનશીપ તરીકે લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કેશલેસની વ્યવસ્થા સાથે સમગ્ર દેશમાં ઈમાનદારીનો ઉત્સવ અને પ્રમાણિકતાનું પર્વ ઉજવાય તે દિશામાં સંકલ્પબધ્ધ થવા માટેનું આહવાન કર્યું હતું.

સમગ્ર દેશને નવી દિશા જીએનએફસી પરિવારોએ આપી છે તેમ જણાવીને કહ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને ચલાવવા નહી પણ બદલવા માટે કાર્ય કરી રહ્યા છે. વડાપ્રધાન ગમે તે દેશમાં જાય છે કે, આવે છે તો તેમની ચર્ચા થાય છે. તેમણે ભારતના સ્વાભિમાન અને પ્રતિષ્ઠાને વધાવી છે જેના કારણે દુનિયા તેમના પ્રવાસની નોંધ લેતી થઈ છે. મુખ્યમંત્રીએ જીએનએફસીના સમગ્ર પરિવારોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનએ દેશની આર્થિક સ્થિતિ સુધારવા તથા કાળા નાણાને નાથવાનો નિર્ણય લિધા બાદ દેશને કેશલેસની દિશામાં લઈ જવા માટે પ્રયાસો કરી રહ્યા ત્યારે જીએનએફસીના પરિવારોએ કેશલેસ સીસ્ટમ અપનાવીને એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. આ પરિવારોએ ગુજરાતની ૧૮૦ કોલોનીઓને કેશલેસ ટાઉનશીપ બનવા માટે પ્રેરણાસ્ત્રોત બન્યા હોવાનું તેમણે ઉમેર્યુ હતું. આ વેળાએ કેન્દ્રીય શ્રમ અને




રોજગાર રાજયમંત્રી બાંડારુ દત્તાત્રેયએ જીએનએફસીના પરિવારોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, દરેક ગામ અને દરેક વ્યક્તિ ડિઝીટલલાઈઝેશન અપનાવીને વડાપ્રધાનના સ્વપ્નને સાકાર કરવા માટે આગળ આવે તેવો અનુરોધ કર્યો હતો. ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર અને કેમિકલ્સ લિ.એ ભારત સરકારના નીતિ આયોગ દ્વારા કેશલેસ રોલ મોડેલ ટાઉનશીપ તરીકે પણ પ્રસ્થાપિત થતા ગુજરાત અને દેશમાં આ ટાઉનશીપનું ગૌરવ વધાર્યું છે.

આ ટાઉનશીપ ખાતે શોપીંગ સેન્ટરો, રેસ્ટોરન્ટ, ચાની લારી, શાળા કોલેજ સંકુલ, હોસ્પિટલ, સ્ટેડિયમ, ધોબીશોપ ખાતે કેશલેસ સેવાઓ દસ હજારથી વધુ નાગરિકો પ્રાપ્ત કરી રહ્યા છે. આ ઉપરાંત જીએનએફસી ખાતે અવર જવર કરતા માલ વાહક ટ્રકો, ટેંકરોને પણ સુવિધા મળી છે. આ કેશલેસ સેવા માટે યુપીઆઈ, એસબીઆઈ બડી માધ્યમ બન્યા છે. આ વેળાએ સ્વાગત પ્રવચન જીએનએફસીના એમડી રાજીવકુમાર ગુપ્તાએ કર્યું હતું.

# ગાંધીનગર ખાતે રાજયકક્ષાની રોડસેફટી કાઉન્સીલની બેઠક

## હાલમાં ૨૫થી ૩૫ વર્ષની વય જૂથના યુવાનો સૌથી વધારે અકસ્માતનો ભોગ બની રહ્યા છે : રાજ્ય સરકાર ચિંતાતુર

અમદાવાદ, તા.૧૩

વાહનવ્યવહાર વિભાગના રાજયકક્ષાના મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ જણાવ્યું છે કે, રાજયના સતત થઈ થયેલા આધુનીકરણ અને રાજયકક્ષાની રોડ સેફટી કાઉન્સીલની બેઠક રાજયમંત્રી વલ્લભભાઈ કાકડિયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં માર્ગ સલામતી અંગેના જનજાગૃતિ લાવવા માટે કરવામાં આવેલી કામગીરીની સવિસ્તર સમીક્ષા કરવામાં આવી હતી અને પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. તદનુસાર, વર્ષ ૨૦૧૫ની




વાહનોની વધતી જતી સંખ્યાને લક્ષમાં લેતા, રાજયમાં માર્ગ અકસ્માતથી થતા મૃત્યુ પામનાર લોકોનો આંક વધી રહ્યો છે અને તેમાં પણ સૌથી વધુ ૨૫થી ૩૫ વર્ષની વયના યુવાનો સૌથી વધારે માર્ગ અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

રાજય સરકારે આ અંગે ચિંતા સેવી છે. વર્ષ ૨૦૨૩ સુધીમાં રાજયમાં અકસ્માતોમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો નોંધવા સરકાર ભગીરથ પ્રયાસો કરી રહેલ છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે વિવિધ પ્રેરક સુચનો કરવામાં આવ્યા હતા તેના અમલીકરણ અંગે સઘન પરામર્શ કરવામાં આવ્યો હતો.

ધાર્મિક સ્થળોની મુલાકાતે આવતાં પદયાત્રીઓ અને વિહારમાં જતા જૈન સાધુ સાધ્વીજીઓને મદદરૂપ થાય તેવી રીતે અલગ લેન અને દિશાસુચક ચિંહનો મુકવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી અને રાજયના માર્ગ અને મકાન સાથે સઘન ચર્ચાઓ થઈ હતી. આ બેઠકમાં માર્ગ સલામતીની અમલવારી અને તેની વ્યાપક સરખામણીએ વર્ષ ૨૦૧૬માં ૧૬૦૦ જેટલા અકસ્માતોની સંખ્યામાં ઘટાડો તથા મૃત્યુઆંક અને ગંભીર ઈજાના કેસો પણ ઓછા નોંધાયા છે.

# દેશ-દુનિયાના પ્રતિષ્ઠિત લેખકોને અમદાવાદના બુક ફેરમાં નિમંત્રણ

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે ૧લી મેથી આયોજિત કરવામાં આવતા બુકફેરમાં આ વર્ષે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેખકોને આમંત્રિત કરવા શહેરીજનો તરફથી માગણી ઉભી થવા પામી છે.શહેરીજનો જેમની સાથે સીધો સંવાદ કરવા ઈચ્છે છે.એમાં બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીન અને ભારતના દેવદત્ત પટનાઈક આ માગણીમાં સૌથી ટોચના ક્રમે છે.મહત્વની બાબત એ છે કે,મ્યુનિસિપલ તંત્ર બુકફેરની સફળતા માટે આ વર્ષે સૌ પ્રથમ વખત સોશીયલ મિડીયા પર જેમાં ફેસબુક અને ટ્વીટર પર આવ્યું છે.આ અંગે મળતી માહીતી અનુસાર,અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સતત છેલ્લા છ વર્ષથી શહેરમાં બુકફેરનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ આયોજનમાં ગત વર્ષે શહેરના સાબરમતી રીવરફ્રન્ટ ખાતે આયોજિત કરવામાં આવેલા બુકફેરમાં જેટલા ધારવામાં આવ્યા હતા.એટલા મુલાકાતીઓ આવ્યા ન હતા.આ કારણથી આ વર્ષે મ્યુનિસિપલ તંત્રે વધુ લોકો બુકફેરમાં આવે એ માટે અત્યારથી જ પ્રયાસ શરૂ કરી દીધા છે.જેના ભાગરૂપે મ્યુનિ.તંત્રે ફેસબુક અને ટ્વીટર ઉપરના તેના એકાઉન્ટમાં લોકો કયા લેખકને મળવા કે જોવા ઈચ્છે છે,કોની સાથે સીધો સંવાદ કરવા ઈચ્છે છે.વગેરે જેવા પ્રશ્નોના ઉત્તર માગતા મોટાભાગનાએ બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીનને બોલાવો.એ પ્રકારનો ઉત્તર આપ્યો હતો.અત્યાર સુધી તંત્રને ૧૦૦ જેટલા સુચનો મળ્યા છે.આ પૈકી ૨૫ લોકોએ તસ્લીમા નસરીનને બોલાવવા માગણી કરી છે. સોશીયલ મિડીયામાં મ્યુનિ.તંત્રના ફેસબુક અને ટવીટર પર કુલ મળીને ૫,૦૦૦ જેટલા ફોલોઅર્સ છે.આ ફોલોઅર્સ દ્વારા દેશના પ્રતિષ્ઠિત લેખક દેવદત્ત પટનાઈકને બોલાવવા પણ માગણી કરી છે.આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના આસીસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર તેજસ ભંડારીએ એક પ્રતિક્રીયામાં કહ્યું છે કે,અમે વિવિધ લોકો તરફથી જે માગણી કરવામાં આવી છે.તેને હાલ ચકાસીને જે તે મહાનુભવને તેમની અનુકુળતા કેવા પ્રકારની છે.એ જાણવા ઈ-મેલ મોકલી રહ્યા છીએ.




# શહીદ ગોપાલસિંહને કોંગી અને એએપીની શ્રદ્ધાંજલિ

ભારતીય સૈન્યના જવાન ગોપાલસિંહ ભદોરીયાના પાર્થિવ દેહને આજરોજ અમદાવાદ ખાતે તેમના નિવાસ સ્થાને લાવવામાં આવ્યા હતા. અમદાપાદ એરપોર્ટ ખાતે શહીદ ગોપાલસિંહ ભદોરીયાને કોંગ્રેસ પક્ષ તરફથી શ્રધ્ધાંજલિ પુષ્પાંજલી પાઠવવામાં આવી હતી. શહીદ ગોપાલસિંહ ભદોરીયાને શ્રધ્ધાંસુમન પાઠવતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદભાઈ પટેલે જણાવ્યુંહતુંકે, દેશની સુરક્ષા સેવા માટે આંતકવાદી સામે લડતા લડતાં ગોપાલસિંહ ભદોરીયા શહીદ થયા છે. તેમના નિધનથી દેશે એક ઝાંબાઝ સૈનિક ગુમાવ્યા છે. ગોપાલસિંહ ભદોરીયાની શહીદીને કોંગ્રેસ પક્ષ નતમસ્તકે સલામ કરે છે. ભારતીય સૈન્યના જવાન ગોપાલસિંહ ભદોરીયાની શહીદીને શ્રધ્ધાંસુમન પાઠવતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, દેશની સેવા કાજે બલિદાન આપનાર સૈન્ય જવાન ગોપાલસિંહ ભદોરીયાએ આતંકવાદી સામે છેલ્લે સુધી લડત આપી. તેમની શહીદીને ગુજરાત અને સમગ્ર દેશ નતમસ્તકે સલામ કરે છે. શહીદના પરિવાર પર આવી પડેલી આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના. દરમિયાન રવિવારે દક્ષિણ કાશ્મીરમાં આતંકવાદીઓ સાથે મુઠભેડમાં ભારતના બે જવાન શહીદ થયા હતા. તેમાં અમદાવાદના ગોપાલસિંહ ભદોરિયા શહીદ થયા છે. ગોપાલસિંહ રાષ્ટ્રીય રાયફલ્સના બહાદુર જવાન હતા. જેઓ હોટલ તાજમાં થયેલા આતંકી હુમલા વખતે મહત્વની ભૂમિકા ભજવી ચુક્યા છે. આમ આદમી પાર્ટી અમદાવાદના આ વીર શહીદને શ્રધ્ધાંજલિ પાઠવે છે. દેશ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર આ વીર સપૂતની બહાદુરી પર દેશભરના લોકો ગૌરવ અનુભવે છે.

# હિંમતનગરમાં મહિલા વકીલની છેડતી કરાતા ફરિયાદ

## બી-ડીવીઝન પોલીસે છેડતી કરનારા બે શખ્સને ઝડપી જેલ હવાલે કર્યા

સાબરકાઠામાં જીલ્લાના હિંમતનગર શહેરના ન્યાયંદીર વિસ્તારમાં શનિવારે મોડી સાંજના સમયે એક મહીલા વકીલને જ બે યુવકો એ અભદ્દ્ ગાળો આપી ને ખેચમતાણ કરીને છેડતી કરવાની ઘટના સામે આવી છે.મહીલા વકીલને અપહરણ કરી જવાનો પ્રયાસ કરવા દરમ્યાન જ આસપાસમાં થી લોકો એકઠા થઈ જતા આખરે મહીલા વકીલ છેડતીખોરો થી બચી શક્યા હતા અને તેમના વિરુદ્ધ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં છેડતી કરનારા બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોધાવી હતી જેથી પોલીસે બંને શખ્સોને ઝડપી જેલ હવાલે કર્યા હતા.

છેલ્લા એકાદ માસ થી જાણે કે પોલીસ ની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે બાઈક ચોરો અને ઘરફોડ ચોરીઓ ના ત્રાસ વચ્ચે હવે છેડતીખોર યુવાનો પણ પોલીસનો ખોફ ભુલી ચુક્યા હોય તેવી હાલત સર્જાઈ છે મુખ્ય મથક હિંમતનગર શહેરમાં જ એક મહીલા વકીલ સાંજે મંદીરે દર્શન કરીને પોતાના ઘર તરફ મોપેડ લઇને જતી હતી એ દરમ્યાન બે છેડતીખોર યુવકોએ અભદ્ર વાક્યો અને બીભત્સ ગાળો બોલીને છેડી કરી રહ્યા હતા અને પીછો કર્યો હતો અને બાદમાં મહિલા વકીલનુ અપહરણ કરવાનો પ્રયાસ જાહેરમાં ખેંચમતાણ કરીને કર્યો હતો અને આ દરમ્યાન જ આસપાસના લોકો મહીલાની બુમાબુમ થી એકઠા થઈ જતાં છેડતીખોરો થી બચાવ થયો હતો. ઘટનાને લઇને મહીલા વકીલે હિંમતનગર શહેરના બી ડીવીજન પોલીસ મથકે રવિવારે ફરીયાદ નોધાવતા પોલીસે બંને શખ્શોની ધરપકડ કરી હતી અને તપાસ હાથ ધરી છે. આ અંગે મહિલા વકીલે જણાવેલ કે હું શનિવારે મંદીરે દર્શન કરીને મારા ઘરે જઈ રહી હતી એ દરમ્યાન સબજેલ વિસ્તાર થી જાણમાં આવ્યુ હતુ કે બાઈક પર સવાર બે યુવકો પોતાને પરેશાન કરી ગંદી ગાળો બોલી અભદ્ર વર્તન કરી રહ્યા છે જેને લઈને આગળ જઈ અજવાળામાં જાહેર જગ્યા એ મોપેડ ઉભુ રાખતા બાઈક તી ટક્કર મારી દઈ મને નિચે પાડી દેવાનો પ્રયાસ કર્યો હતો અને હાથ ખેંચી ને છેડતી કરી અપહરણ કરી જવાનો પ્રયાસ કર્યો હતો.

મહીલા વકીલ યુવાન છે અને આ બંને યુવાનો એ પણ આ યુવાન વકીલને પોતાના નિશાન પર લીધી હોય બાઈક થી પીછો કરીને પરેશાન કરવાનો પ્રયાસ કર્યો હતો અને બાદમાં બાઈક થી ટક્કર મારવાનો પ્રયાસ કરીને મહીલા વકીલને મોપેડ પર થી પાડી દેવાનો પ્રયાસ કર્યો હતો અને જાહેરમાં છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો.ન્યાયમંદીર રોડ પર અત્યાર લગી આવા અનેક કીસ્સાઓ સામે આવ્યા છે અને મહીલાઓ એ મુંગા મોંએ છેડખાનીનો ભોગ બનવુ પડી રહ્યુ છે ત્યાં હવે વકીલે જ આવી ઘટનાનો ભોગ બનવુ પડ્યુ છે. પોલીસે બંને હિંમતનગરના હાથમતી નદી પાસે પેલસ વિસ્તારમાં રહેતા આરોપી નઝફ સૈયદ અને વારીસ કાદરીની ધરપકડ કરીને જેલને હવાલે કર્યા છે. જોકે પોલીસે પણ હવે ન્યાય મંદીર વિસ્તારના રોડ પર ના સીસીટીવી ચેક કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે અને બંને યુવકો સામેના પુરાવા એકઠા કરીને તપાસ હાથ ધરી છે.આ અંગે બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ પ્રજ્ઞેશસિંહ ચાવડાએ જણાવેલ કે મહિલા વકીલની છેડતી અને અપહરણની અંગેની ફરીયાદ નોંધવામાં આવી છે અને તે વિસ્તારમાં સીસીટીવી સહીતના પુરાવા પણ મેળવવામાં આવશે.

# ભાજપની આદિવાસી વિકાસ યાત્રાને આવકાર

અમદાવાદ, તા.૧૩

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાના જણાવ્યાનુસાર આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનાં છઠ્ઠા દિવસે પાવાગઢ મહાકાળી માતાના પવિત્ર સ્થાને શીશ નમાવીને પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ યાત્રાનો પ્રારંભ કર્યો હતો. પાવાગઢ ચાંપાનેરના આદિવાસી ભાઈઓ બહેનોએ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કર્યુ હતું. ઘટમાં ઘોડા થનગને અને આતમ વીઝે પંખની ઉત્સાહ સભર વિભાવના સાથે યુવા મોરચાના કાર્યકરોની વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિમાં આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા આગળ ધપી રહી હોવાનું પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું. ઘોઘંબા ખાતે જાહેરસભાને સંબોધતા, કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોરે ભાવવાહી પ્રવચન કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે એક આદિવાસીના દીકરાને કેન્દ્ર મંત્રી પદની જવાબદારી સોંપીને આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યુ છે. છેક ૧૯૯૫થી આજ દિન સુધી આદિવાસી સમાજના હિત માટે ભાજપાની સરકારોએ પાછુ વાળીને જોયુ નથી. આદિવાસી સમાજની પડખે રહીને વિકાસનાં દ્વાર ખોલી આપ્યા છે.

કોંગ્રેસે આપણો વોટબેંક તરીકે ઉપયોગ કરવા સિવાય કદી આપણી સામે જોયું નથી. કોંગ્રેસને કામય માટે દુરથી રામ રામ કહીને આવજો કહેવાનો સમય પાકી ગયો છે.

પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ વિવિધ સ્થળોએ ઉપસ્થિત વિશાળ જનમેદની સંબોધતા જણાવ્યું હતું કે, ઉનાઈ માતાનાં આશીર્વાદ લઈને શરૂ કરેલ આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાના છઠ્ઠા દિવસે પાવાગઢમાં માં મહાકાળીનાં આશીર્વાદ લેવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે. ભલા ભોળા અને સ્વાભિમાની આદિવાસી બાંધવોની વચ્ચે તેમના ગૌરવની ઉન્નતિની વાત કરવા આવ્યો છું. જે સમાજને કોંગ્રેસે હર હંમેશ ગરીબ, બાપડો, બિચારો બનાવીને રાખ્યો, તે સમાજને ભાજપા શાસનમાં નરેન્દ્ર મોદીથી શરૂઆત કરીને આપણા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ હંમેશા વિકાસના નવા પંથ ઉપર લઈ જવાના સંનિષ્ટ અને પરીણામલક્ષી પ્રયત્નો કર્યા છે. આદિવાસી સમાજની સાચા અર્થમાં ઉન્નતિ શકય બને અને પેઢીઓ સુધી સમૃદ્ધિ પ્રાપ્ત થાય તેવો ઐતિહાસિક નિર્ણય પેસા એક્ટના અમલ દ્વારા વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળ ભાજપા સરકાર કર્યો છે. રસ્તા, ગટર, પાણી, વીજળી, તથા આરોગ્ય ક્ષેત્રોમાં ભાજપા શાસનમાં ચૌમુખી વિકાસ થયો છે.

### પ્રવેશ રદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોત થયા બાદ સુપ્રીમ કોર્ટ પણ હચમચી ઉઠી હતી અને સમગ્ર મામલાની તપાસ સીબીઆઈને સોંપી દેવામાં આવી હતી. માત્ર મધ્યપ્રદેશમાં જ નહીં બલ્કે દેશભરમાં વ્યાપમ કૌભાંડની ચર્ચા રહી હતી. સીબીઆઈએ આ કેસની તપાસ પોતાના હાથમાં લીધા બાદ ૧૮મી ઓગસ્ટ ૨૦૧૫ના દિવસે ૬૦ લોકો સામે એફઆઈઆર દાખલ કરી હતી. સીબીઆઈના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે, આરોપીઓએ છેતરપિંડી, ફોરજરી અને પ્રિ-મેડિકલ ટેસ્ટના સંદર્ભમાં ફોજદારી કાવતરા ઘડી કાઢ્યા હતા. સાથે સાથે વ્યવસાયિક પરીક્ષા મંડળ અથવા તો મધ્યપ્રદેશ પ્રોફેશનલ એક્ઝામિનેશન બોર્ડ દ્વારા લેવામાં આવેલી પરીક્ષામાં ભારે ગેરરીતિ આચરવામાં આવી હતી. વ્યાપમ કૌભાંડના સંદર્ભમાં દોષિત વિદ્યાર્થીઓને રાહત આપવામાં આવી નથી. સુપ્રીમ કોર્ટે એડમિશન રદ કરવાના નિર્ણયને યથાવત રાખીને મોટો ફટકો આપી દીધો છે. સુપ્રીમ કોર્ટે એમબીબીએસ કોર્સમાં પ્રવેશ લેનાર ૬૦૦થી વધારે વિદ્યાર્થીઓની એડમિશન પ્રક્રિયાને રદ કરવા સાથે સંબંધિત હાઈકોર્ટના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો. હાઈકોર્ટના નિર્ણયમાં દોષિત ઠેરવવામાં આવેલા ૬૩૪ વિદ્યાર્થીઓને રાહત આપવાની માંગણી કરવામાં આવી હતી. આ લોકો ખોટી રીતે પ્રવેશ મેળવવાના મામલામાં અપરાધી જાહેર થયા હતા. ખેહરના નેતૃત્વમાં બેંચે કોઈ રાહત આપી ન હતી. હકીકતમાં આ મામલા પર આ અગાઉ સુપ્રીમ કોર્ટની બે સભ્યોની બેંચે વિભાજિત ચુકાદો આપ્યો હતો. એક જજે કહ્યું હતું કે, દોષિત વિદ્યાર્થીઓને ડિગ્રી એવી શરત ઉપર આપવી જોઈએ કે અભ્યાસ પૂર્ણ કરવામાં આવ્યા બાદ પાંચ વર્ષ સુધી મફત સેવા આપશે. જ્યારે બીજા જજે પ્રવેશ પ્રક્રિયાને રદ કરવાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો. ત્યારબાદ આ મામલો ચીફ જસ્ટિસના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેંચ સમક્ષ પહોંચ્યો હતો. મધ્યપ્રદેશના વ્યાપમ કૌભાંડને શિક્ષણ જગતના સૌથી મોટા કૌભાંડ તરીકે જોવામાં આવે છે. મામલામાં સીબીઆઈ તપાસ ચાલી રહી છે. ૨૦૦૦થી પણ વધારે લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે.

### શાનદાર વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી ઈનિંગ્સમાં ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે જાડેજાએ પ્રથમ ઈનિંગ્સમાં બે અને બીજી ઈનિંગ્સમાં ચાર વિકેટ ઝડપી હતી. આ બંને બોલરોએ ભારતની જીતમાં ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. ગઈકાલે ચોથા દિવસે રમત બંધ રહી ત્યારે બાંગ્લાદેશે જંગી ટાર્ગેટનો પીછો કરતા ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી અને ૧૦૩ રન કર્યા હતા. ગઈકાલના સ્કોરથી આગળ રમતા બાંગ્લાદેશે નિયમિત ગાળામાં વિકેટો ગુમાવી હતી. બાંગ્લાદેશના કોઈ બેટ્સમેન મેદાન ઉપર ટકી શક્યા ન હતા. ભારત તરફથી અશ્વિન અને જાડેજા ફરી એકવાર છવાયેલા રહ્યા હતા. આ બંને બોલરોએ ૪-૪ વિકેટ ઝડપી હતી. અશ્વિને ૭૩ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી જ્યારે જાડેજાએ ૭૮ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. ચોથા દિવસે બાંગ્લાદેશ તરફથી રહીમે ૧૬ ચોગ્ગા અને બે છગ્ગા સાથે પ્રથમ ઈનિંગ્સમાં ૧૨૭ રન ફટકારી દીધા હતા. જો કે, તેની સદી વધારે કામ લાગી ન હતી. આ ટેસ્ટ મેચમાં મેન ઓફ દ મેચ તરીકે વિરાટ કોહલીની પસંદગી કરવામાં આવી હતી. કોહલીએ પોતાની ટેસ્ટ કેરિયરની ચોથી બેવડી સદી ફટકારી હતી. મેન ઓફ દ મેચ બનેલા વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે જીતનો સિલસિલો રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પણ જાળવી રાખ્યો હતો. બાંગ્લાદેશની ટીમ બીજા દાવમાં ૨૫૦ રનમાં આઉટ થઈ હતી.

### ઉમેદવાર મેદાનમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય ચૂંટણી કમિશન દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. ૧૬મી ફેબ્રુઆરીના દિવસે પ્રથમ તબક્કામાં ૧૫ જિલ્લા પરિષદમાં ૮૫૫ બેઠકો માટે મતદાન યોજાશે જ્યારે ૧૬૫ પંચાયત સમિતિમાં ૧૭૧૨ બેઠકો ઉપર મતદાન યોજાશે. ૧૧ જિલ્લા પરિષદ અને ૧૧૮ પંચાયત સમિતિની ચૂંટણી બીજા તબક્કામાં ચૂંટણી થશે. આ ચૂંટણી ૨૧મી ફેબ્રુઆરીના દિવસે યોજાશે. ગઢચિરોલી જિલ્લામાં બંને તબક્કામાં મતદાન યોજાશે. પ્રથમ તબક્કામાં ૮ પંચાયત સમિતિ માટે મતદાન થશે જ્યારે ચાર સમિતિ માટે બીજા તબક્કામાં મતદાન થશે. મતગણતરી ૨૩મી ફેબ્રુઆરીના દિવસે હાથ ધરવામાંઆવશે. બીજા તબક્કામાં ૬૩૬૭ જેટલા ઉમેદવાર મેદાનમાં છે. ૧૧ જિલ્લા પરિષદમાં ૬૫૪ બેઠકો માટે ઉમેદવારી પેપરોની ચકાસણી કરી લીધા બાદ ૬૩૬૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ચૂંટણી પંચની અખબારી યાદીમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ૧૧૮ પંચાયત સમિતિમાં ૧૨૮૮ બેઠક માટે ૧૦૮૭૯ નોમિનેશન માન્ય ગણવામાં આવ્યા હતા. ઉમેદવારી પત્ર ખેંચવાની છેલ્લી તારીખ બાદ બીજા તબક્કાનું ચિત્ર સ્પષ્ટ થશે.

### ઓડીએફ બની શક્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ ગઈ છે. જિલ્લામાં સ્વચ્છતા મિશનની કામગીરી પર પણ આ નિરાશાજનક પરિણામની અસરો પડી રહી છે.

જિલ્લાના ગ્રામ વિકાસ કોર્ડીનેટરો માટે આજે ખાસ વર્કશોપ પણ રાખવામાં આવ્યો હતો અને તેમાં સ્વચ્છતા મિશન તેમજ શૌચાલયો પુરા કરવા સહિતના બાબતો પર સારી એવી ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વિવિધ યોજનાઓની અમલવારીને લઈ પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.